# ગુજરાત રાજ્યની આંગણવાડીઓનો વિવેચનાત્મક અભ્યાસ

**સંશોધક:**
**હિમાંશુ આર. પરમાર**

**માર્ગદર્શક:**
**ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ**

## સંશોધનના મુખ્ય તારણો:

1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ના સંદર્ભમાં જયારે રાષ્ટ્રીય સ્તરે માળખાગત અને પાયાગત સુધારો થઇ રહ્યો છે ત્યારે આંગણવાડી કાર્યકરોમાં બાળપણ અને બાળસંભાળના મુદ્દામાં આવેલા નીતિ મુજબના ફેરફારો પ્રત્યે માહિતીનો અભાવ જોવા મળે છે.
2. આંગણવાડી કેન્દ્રમાં નવા શૈક્ષણિક સાધનોની અછતની પૂર્તિ કરવી અને જુના થયેલા સાધનોને સમારકામ કરવા તેમજ જરૂરિયાત પ્રમાણે અપગ્રેડ કરવા જરૂરી જણાય છે.
3. આંગણવાડી કેન્દ્રમાં ભવન માટે મૂળભૂત જરૂરિયાતની પૂર્તતા, અધ્યયન માટેની અદ્યતન જરૂરિયાતો અને નવીનીકરણની અછત જોવા મળે છે. આથી, શૈક્ષણિક ભાવાવરણ માટે ખામી જોવા મળે છે.
4. આંગણવાડી કાર્યકરોનું વેતન, કામના કલાકોનો સમય, વહીવટી કૌશલ્યનો અભાવ, કાર્યક્રમોનું આયોજન તેમજ અભ્યાસક્રમ પૂર્ણ કરવાની કામગીરીમાં અભાવ જોવા મળે છે.
5. આંગણવાડી કાર્યકરોમાં નોકરી પરત્વે અસલામતી અને અસંતોષ, કોમ્પ્યુટરને લગતા વહીવટી કાર્યમાં મુશ્કેલી તેમજ આંગણવાડી કેન્દ્રમાં મોબાઈલ અને ઈન્ટરનેટની સુવિધાઓનો અભાવ જોવા મળે છે.